**<u>રે.દિ.મુ.નં.–૧૬/૨૩ ના કામે આંક–૮ ની મનાઈહુકમ અરજી લગત</u>**

૧. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની ટુંકમા હકીકત એવા પ્રકારની છે કે,વાદીઓના દાદા મેઘજીભાઈ રાજા બરવાડીયાના પિતા ગુજરી જવાથી સર્વે નં–૨૯ વાળી ખેતીની જમીન તેમના નામે થયેલ હતી. ત્યારબાદ આ જમીન વાદીના પિતાશ્રીના નામે વારસાઈ હકકે આવેલ. વાદીઓની અને પ્રતિવાદી નં–૧ ની જમીન ઉપર પહેલેથી જમીનની માલીકી અને કબજો ભોગવટો વાદીઓના કુંટુંબનો રહયો હતો. મોજે નરેડી, તા.વંથલી, જી. જુનાગઢનાં રેવન્યુ સર્વે નં–૨૯ (જુનો સર્વે નં.–૭૩ પૈકી–૨) ખાતા નં.–૪૮૦, ક્ષેત્રફળ ૧–૨૯–૩૪ પિયત ખેતીની જમીન અને સર્વે નં.–૨૮ ની હેકટર ૧–૨૯–૩૪ પિયત ખેતીની જમીન શ્રી પરસોતમ મેઘજીભાઈ બરવાડીયાનાં નામે ચાલતી હતી. તે જમીનોનો વાદીની જાણ બહાર રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં–૭૭, તા.૨૩/૧/૨૦ થી રૂા.૮,૩૦,૦૦૦/– માં કરાવી લીધેલ. આ જમીન સંયુકત કુટુંબની વડીલોપાર્જીત મિલ્કત છે. જેમા વાદીઓનો કાયદેસરનો હકક અને હીસ્સો સમાયેલ છે. જેના છેલ્લા ઘણા વર્ષથી કબજો ભોગવટો ખેડહકક વાદીઓનો છે. સદરહું તબદીલી તેઓની જાણ બહાર કરવામાં આવેલ હતી. અને જમીન મહેસુલ કાયદા કલમ–૧૩૫ ડી ની નોટીસ પણ વાદીઓને મળેલ ન હતી. સદરહું જમીનની કોઈ વહેંચણી કરવામા આવેલ નથી કે સ્થળ ઉપર જમીનનાં કોઈ ભાગ પાડવામાં આવેલ નથી. પ્રતિવાદી નં–૧ ના ઓને એકલાને સદર જમીન બાબતે કોઈની પણ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર, લખાણ કે દસ્તાવેજ કરવાનો અધિકાર હોય નહી તેમ છતા પ્રતિવાદી નં–૧ ના ઓએ પ્રતિવાદી નં–૨ ની તરફેણમાં વેંચાણ દસ્તાવેજ કરેલ હોય, સદરહું વેંચાણ દસ્તાવેજ રદ કરાવવા દાવો દાખલ કરેલ છે અને તેમા હાલની અરજી આપી આ કામનાં પ્રતિવાદી વિરૂધ્ધ દાવો ચાલતા સુધી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.

૨. વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજી પ્રતિવાદી નં. ૧ ને બજવા છતા હાજર ન હોય તેઓની વિરૂધ્ધ હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે. અને પ્રતિવાદી નં–૨ ને વ્યાજબી તક આપવા છતા જવાબ રજુ કરેલ ન હોય પ્રતિવાદી નં–૨ નો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામા આવેલ છે.

૩. વાદી તરફે વિ. વ. શ્રીની દલીલો સાંભળી. પ્રતિવાદી તરફે દલીલ નથી.

૪ આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શુ વાદીઓ પુરવાર કરે છે કે તેઓને પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન શકે તેવું નુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

૬. ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભીપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

**<u>// કારણો//</u>**

૭. **મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા**

આ કામે તમામ મુદ્દાઓ હકીકતથી પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય,

આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકતરીતે કરવામાં આવેલી છે.

આ કામે પક્ષકારો તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં પહેલાં અહીં એ નોધવું જરૂરી છે. કે મનાઈ હુકમની દાદ એ સમન્યાયી દાદ છે.અને સમન્યાયી અદાલત દાવા તારીખની સ્થિતિને લક્ષમાં લઈ ને હુકમ કરે છે.મનાઈ હુકમ રૂટીન કોર્ષમાં મંજુર થઈ શકે નહિ પરંતુ પ્રથમદર્શનીય રીતે કેસ ફલીત થતો હોય ત્યારે મંજુર થવા પાત્ર હોય છે. માત્ર પ્લીડીંગ્સના આધારે મજબુત કેસ ગણી શકાય નહિ. પ્રથમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભવિષ્યમાં નાણામાં ના આંકી શકાય તેવુ નુકસાન પ્રથમદર્શનીય રીતે પુરવાર થવુ જરૂરી છે. મનાઈ હુકમ એ વિવેકબુધ્ધીની દાદ છે, કોઈ વ્યકિત હકકની રૂએ મનાઈ હુકમ માંગી શકે નહિ. મનાઈ હુકમ મંજુર કરતી વખતે કે ના મંજુર કરતી વખતે રેકર્ડ ઉપરથી હકીકતો લક્ષમાં રાખી પ્રથમદર્શનીય રીતે નિર્ણય કરવાનો રહે છે. મનાઈહુકમની દાદ એ સમન્યાયી દાદ હોવાથી જે વ્યકિત દાદ માંગે તેણે અદાલતને સ્પષ્ટપણે બતાવવુ જોઈએ કે તેના તરફે કોઈ ફોલ્ટ નથી અને વધુમાં વાદીએ સ્વતંત્ર રીતે તેઓનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. અને તે માટે તેઓ સામાપક્ષના કેસની નબળાઈ ઉપર આધાર રાખી શકે નહિ.આજ હકીકતના પરીધમાં આ દાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ પ્રથમદર્શનીય એ સાબીત કરવાનું રહે છે કે, પ્રતિવાદીઓના કૃત્યોથી દાવાવાળી મિલ્કતમાં રહેલ વાદીના કાનુની હકકને હાની થાય તેમ છે.

વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે એ બતાવવુ પડે કે, દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે,જેમાં તે સફળ થાય તેવી પુરેપુરી શકયતા છે અને વાદીએ પોતાના હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ માંગેલ છે જેથી તે પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તેમ છે. વાદીએ પોતાના દાવાના સમર્થનમાં નિ. ૭/૧થી રજીસ્ટર્ડ

વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં–૭૭, તા.૨૩/૧/૨૦ રજુ કરેલ છે.

આ કામે પ્રતિવાદી નં–૧ અને ૨ ના ઓએ વાદીના દાવાનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે વાદીના દાવાની હકીકતોને ચેલેન્જ કરેલ નથી પરંતુ વાદીએ પોતાનો દાવો કે પોતાને મળેલ કાનુની હકક સાબીત કરવાનો હોય છે. સામાવાળા પક્ષ એટલે કે પ્રતિવાદી પક્ષની નબળાઈ ઉપર આધાર રાખવાનો હોતો નથી. આ કામે રજુ થયેલ ગામ/ મોજે નરેડી, તા. વંથલી ગામનો નમુનો નં–૬ હકક પત્રક નોંધ નંબર–૩૦૬૧, તા.૧૬/૬/૨૧ ધ્યાને લેતા દાવાવાળી જમીન નારણભાઈ ભોવાનભાઈ પુછડીયાએ વંથલી સબ રજીસ્ટ્રાર કચેરીનાં રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં–૬૭૦, તા.૬/૫/૨૧ થી રૂા.૮,૫૦,૦૦૦/– માં લાખીબેન જીવાભાઈ મોડેદરાને વેંચાણ આપેલ છે જે હકીકત વાદી જાણતા હોવા છતા તેઓને આ કામે જોડેલ નથી. તેમજ સદરહું ગામ/ મોજે નરેડી, તા. વંથલી ગામનો નમુનો નં–૬ હકક પત્રક નોંધ નંબર–૩૦૬૧ સર્કલ ઓફીસર દવારા પ્રમાણિત કરવામાં આવેલ છે. જેઓને આ કામે પ્રતિવાદી તરીકે જોડેલ નથી. દાવાવાળી જમીન હાલ લાખીબેન જીવાભાઈ મોડેદરાના નામે હોવાનું જણાઈ આવે છે. તેવા સંજોગોમાં તેઓને જોડયા વગર હાલની મનાઈ અરજીમાં હુકમ થઈ શકે નહી તેમજ વાદી જણાવે છે તે મુજબ પ્રતિવાદી નં–૧ નાઓને સદરહું દાવાવાળી જમીન વેંચવાનો અધિકાર ન હતો. પરંતુ રજુ થયેલ રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા પરસોતમભાઈ મેઘજીભાઈ બરવાડીયાને હિન્દુ લો મુજબ કુટુંબના કર્તાના દરજજે મિલકત વેચાણ કરવાનો હકક અને અધિકાર હતો તથા અન્ય હીત ધરાવનાર તમામ વ્યકિતઓને બંધનકર્તા છે. કુટુંબના કર્તાએ કરેલ મિલકતનું વેચાણ રદ કરાવવું હોય તો તેઓએ વાદગ્રસ્ત મિલકતનું વેચાણ ઈમમોરલ હેતું માટે કે ઈલીગલ રીતે કરેલ હોવાનું કોર્ટમાં સાબીત કરવું પડે અને તે માટે દાવામાં સ્પષ્ટ પ્લીડીંગ કરીને સદરહું હકીકત સાબીત કરવી જોઈએ. આ સિવાય કુટુંબના કર્તાએ કરેલ વેચાણ

અન્ય કારણોસર રદ કરી શકાય નહીં. હાલના દાવામાં વાદીએ આ મતલબના કોઈ આક્ષેપ કે પ્લીડીંગ કરેલ નથી કે તે બાબતનો કોઈ આધાર રજુ કરેલ ન હોય વાદી દાવાવાળું કરેલ વેચાણ રદ કરાવી શકે તેમ નથી. આમ, પક્ષકારો વચ્ચે ઉપસ્થિત કરેલ તકરારનો નિર્ણય પુરાવો લીધા સિવાય થાય તેમ ન હોય. તેવા સંજોગોમાં વાદી દાવાવાળી તકરાર બાબતે પોતાનો પ્રાયમાફેસી કેસ પુરવાર કરી શકેલ ન હોય ત્યારે વચગાળાના મનાઈ હુકમથી પક્ષકારોને થતી અનુકુળ પ્રતિકુળ અસરોનુ તુલનાત્મક મુલ્યાકંન કરવુ જરુરી બને છે. જેને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કહેવામાં આવે છે. વાદી પોતાની તરફેણમાં અગવડતા સગવડતાની સમતુલા કે, નાંણામાં ન આપી શકાય તેવુ નુકશાન પણ પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દાનં.–૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

વાદીની આંક–૮ મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૧૯ મી માહે ડીસેમ્બર સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાદી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૯/૧૨/૨૦૨૪
મુ. વંથલી

( આઈ.એ.શેખ )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
વંથલી.